અપીલ અરજી નં.૪૨૫ તા.૩૦–૩–૦૯

અરજદારઃ–શ્રી નિર્મલા વસંતલાલ જરીવાલા
સામાવાળાઃ– ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલા વસંતલાલ જરીવાલાની તા.૫–૨–૦૯ , ૧૦–૨–૦૯, ૧૮–૨–૦૯ ની અરજીથી ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧ તથા ૧૯ઈ–૫૩–૦૮૭૧–૦–૦૦૨ વાળી મિલ્કતમાં કોઈપણ વ્યકિતના નામ દાખલ ન કરવા,કોઈપણ જાતના પ્લાન,રજાચીઠ્ઠી વિ.પાસ ન કરવા બાબતે તેઓએ કરેલ તા.૩૦–૬–૦૮ ની અરજી અનુસંધાને તમામ વિગતોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૫ /૨૦૦૮–૦૯

શ્રી નિર્મલા વસંતલાલ જરીવાલાની તા.૫–૨–૦૯ , ૧૦–૨–૦૯, ૧૮–૨–૦૯ ની અરજીથી ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧તથા ૧૯ઈ–૫૩–૦૮૭૧–૦–૦૦૨ વાળી મિલ્કતમાં કોઈપણ વ્યકિતના નામ દાખલ ન કરવા,કોઈપણ જાતના પ્લાન,રજાચીઠ્ઠી વિ.પાસ ન કરવા બાબતે તેઓએ કરેલ તા.૩૦–૬–૦૮ ની અરજી અનુસંધાને તમામ વિગતોની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭ તા.૮–૪–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૨–૦૯ ૧૦–૨–૦૯, ૧૮–૨–૦૯ ની અરજીથી ટેના.નં.૧૯ઈ– ૫૩– ૦૯૭૧ –૦ –૦૦૧ તથા ૧૯ઈ–૫૩–૦૮૭૧–૦–૦૦૨ વાળી મિલ્કતમાં કોઈપણ વ્યકિતના નામ દાખલ ન કરવા,કોઈપણ જાતના પ્લાન,રજાચીઠ્ઠી વિ.પાસ ન કરવા બાબતે તા.૫–૨–૦૯ ના રોજ સને ૧૯૯૮–૯૯ માં ઉત્તમરામ દલપતરામ જરીવાલાએ ખોટા બોગસ કરાર, એફીડેવીટ, સોંગદનામું કરાવી કબ્જેદાર તરીકે ચઢાવી ગયા છે અને તેમને આ મિલ્કત અન્ય બીજી વ્યકિત જે પીઠીયાભાઈ ઉનાભાઈ વાણીયા કરાર કરી વેચી મારી છે તેથી તેમની સહી સિકકાવાળી નકલોની માંગણી કરેલ છે. તા.૧૦–૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ માં તા.૧૮–૭–૦૮ ઉપર લખેલી અને ખરી તા.૨૩–૭–૦૮ ના રોજ પુરાવા સહિત કરેલી અરજીમાં નાણાં ભરેલી રસીદ સાથે રજુ કરેલ છે તેમાં આકારણી ખાતે નામ કેમ ચઢયું નથી, મુદ્દા નં.૨ તા.૧–૯–૦૮ ના રોજ માંગેલ ઈન્સ્પેકશન કેમ અપાયું નથી તેનું કારણ, મુદ્દા નં.૩ તા.૬–૯–૦૮ ના ઉત્તમરામ દલપતરામના નિવેદનના પાના નં.૧,૨ તથા તમામ પુરાવા બોગસ કરેલ છે તથા કોર્ટમાં ૪૫/૮૯ થી દાવો કરેલ છે તેવી રજુઆત કરેલ છે તે ફેમીલી કરાર જોવા મંગવાવાની રજૂઆત કરેલ છે. પરંતુ ઉપલબ્ધ માહિતી માંગ્યાનું જણાતું નથી. તથા તા.૧૮–૨–૦૯ થી અરજીથી મુદ્દા નં.૧ ઓરીજનલ કૌટુંબિક ફેમીલી કરારની તા.૭–૬–૮૬ ની નકલ, મુદ્દા નં.૨ રજીસ્ટર નં.૯૭ શેર –૫ ૮–૯–૮૦ નું વ્રજલાલ હિમંતરામ જરીવાલાનું ઝેરોક્ષ કોપી કયાંથી આવ્યું અને કોણે વેચાણ આ પ્યું તેની નકલ , મુદ્દા નં.૩ નમુના 'ક' ની ૯–૨–૦૯ ની અરજીની નકલ, તારીખ તા.૫–૨–૦૯ ની નોટીસ કમિશનરશ્રીની, તા.૩૦–૬–૦૮ ની અરજી સાથે ફોર્મ ૧ રૂ.૨૫/– ના ફોર્મ નં.૧૫૫૯૬ તા.૨૬–૮–૦૮ ની રજી. એડી. નં.૨૭૪ તા. ૨–૭–૦૮ ની સહી વાળી પહોંચની નકલો તથા તા.૫–૭–૦૮ ની પહોંચ, તા.૧૬–૪–૦૮ ની કલેકટરશ્રી કચેરી સુરતની નકલ, એન.ઝેડ/એઆરડી/૮૨ તા.૧૨–૫–૦૮ ની નકલ, ૫–૫–૮૯ ની ગુજરાતમિત્રમાં રૂપિયા ભરેલ તેની પહોંચની નકલ ,તા.૬–૫–૮૯ ની ગુજરામિત્રમાં જાહેર ખબર છપાવેલ તેની નકલ, સને ૧૯૯૮–૯૯ તે સમયે કયા અધિકારી હતાં તેમનું નામ , તુમારની માહિતી તા.૧૮–૭–૦૮ ક્રમાંક નં.૩૪૭ માંગેલા તમામ પુરાવ, તા.૨૩–૭–૦૮ની અરજી વિગેરે માહિતી ત્રણ અરજીઓ મારફતે અલગ અલગ અરજીથી માંગવામાં આવેલ છે. ત્રણેય અરજીઓની અલાયદી ફી ભરેલ રજુ કરેલ છે. જેની સંયુકતપણે પ્રતિભાવ નહીં મળવાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં આજ દિન સુધી માહિતી આપવામાં આવી નથી તથા ઈન્સપેકશન પણ કરવા દીધું નથી. તથા અપીલના તબકકે ટેના નં.૧૯ઈ–૦૯૭૧–૦–૦૦૧ સાથે સે નં.૪૮૫ પૈકી પ્લોટ નં.૪૯ અ ના તમામ બોગસ પુરાવા રજુ કર્યા છે જેમાં બોગસ સહીઓ કરેલ છે. કો.ઓ.હા.માં પણ સંમતિપત્રકમાં પણ બોગસ સહીઓ કરેલ છે તા.૭–૧–૮૬ ના રૂ.૩૦/– ના કરાર પર પણ બોગસ સહીવાળો ઉભો કરી સને ૧૯૯૯–૨૦૦૦ માં ૪૨૦ કરી પચાવી પાડેલ છે તેવી રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જુદી જુદી તારીખોએ કરેલી અરજીઓ અંગે કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી તથા તેના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯,૧૧ કે ૨૪ હેઠળ કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારે તેમની ઉકત અરજીઓમાં ફેમીલી કરારની દસ્તાવેજ મંગાવી રજૂ કરશો તેવી પણ માંગણી કરેલ છે. આરટીઆઈ એકડની કલમ(૨) એફ અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની નિયંત્રણ હેઠળની માહિતી ઉપલબ્ધ કરાવવાની રહે છે.

પાછળ

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૫–૨–૦૯ ૧૦–૨–૦૯, ૧૮–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જરૂર જણાયે આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી માહિતીને સ્પર્શતી માહિતી અંગે કલમ–૧૧ હેઠળ ઉચિત નિર્ણય લઈ તે મુજબ અરજદારને સૂચિત કરવા તથા કલમ–૧૧ હેઠળના વ્યાપ બહારની ઉપલબ્ધ દફતરી માહિતી લાગત દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડવા સહિત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થ ઝોન) ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિર્મલા વસંતલાલ જરીવાલા